સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સ પ્રોજેક્ટ (Cyber Centre of Excellence Project) અંતર્ગત અલગ કચેરી માટે આઉટસોર્સની પટાવાળાની જગ્યાઓની સેવાઓ મેળવવા બાબત

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: HD/MHK/e-file/8/2025/0256/C-PF3

સચિવાલય,ગાંધીનગર

તારીખ : As per e-Sign

<u>વંચાણે લીધા :-</u>

(૧) વિભાગના તારીખ ૦૯/૦૪/૨૦૨૫ના સમાનાંકી ઠરાવ.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીનો તારીખ ૨૪/૦૭/૨૦૨૬નો પત્ર ક્રમાંક: DGIGP/0612/07/2026

(૩) વિભાગના તારીખ ૧૬/૦૭/૨૦૨૬ના સમાનાંકી ઠરાવ.

<u>ઠરાવ :-</u>

વિભાગના વંચાણે લીધા (૧) સામેના ઠરાવથી સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સ પ્રોજેક્ટ (Cyber Centre of Excellence Project) અંતર્ગત વિવિધ સંવર્ગની ૧૧૮૬ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ.

૩. ઉક્ત ૧૧૮૬ જગ્યાઓ પૈકીની પટાવાળા (આઉટસોર્સ) ની કુલ ૦૫ પટાવાળાની જગ્યાઓ પૈકી વંચાણે લીધા ક્રમાંક(૩)ના ઠરાવથી પટાવાળા (આઉટસોર્સ) ૦૩ જગ્યાઓની મુદત લંબાવવા માટે મંજૂરી આપવામાં આવેલ. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી કચેરી દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના પત્રથી બાકીની ૦૨ ખાલી જગ્યાઓની મુદત લંબાવવા માટે દરખાસ્ત કરવામાં આવેલ.

૪. કાળજીપૂર્વકની વિચારણાને અંતે સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સ પ્રોજેક્ટ (Cyber Centre of Excellence Project) અંતર્ગત મંજૂર થયેલ ૧૧૮૬ જગ્યાઓ પૈકીની આઉટસોર્સની પટાવાળાની ઉક્ત ૦૨ ખાલી જગ્યાઓની સેવાઓ મંજુરી મળ્યા તારીખથી વધુ ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવાની મંજૂરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

<u>શરતો :-</u>

(૧) ખાતાના વડાએ જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુક્તની કચેરીના તા.૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૨) હવે પછીથી આ જગ્યાઓ પર આઉટસોર્સ આધારીત સેવાઓ મેળવવા માટે ભરાયેલ જગ્યાઓ, ખાલી જગ્યાઓ, જગ્યા ક્યારથી ખાલી પડેલ છે, ભરાયેલ જગ્યાઓ પર આઉટસોર્સથી મેળવવામાં આવતી સેવાની મુદત કઈ તારીખે પૂર્ણ થાય છે તેની વિગતો ફરજિયાતપણે રજુ કરવાની રહેશે.

(૩) આ સેવાઓ વખતો-વખત મેળવવાની થાય તો સેવાની મુદત લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થવાના ૨ (બે) માસ અગાઉ દરખાસ્ત રજૂ કરી વધુ ૧૧ માસ માટે સેવા મેળવવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ "માંગણી નંબર : ૪૩, મુખ્ય સદર : ૨૦૫૫-પોલીસ, પેટા મુખ્ય સદર : ૦૦, ગૌણ સદર : ૧૦૯ – જિલ્લા પોલીસ, પેટા સદર : ૦૧ – MEP-6 જિલ્લા પોલીસ ખુદ" ખાતે ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ઇ-સરકારની ફાઇલ ઉપર નાણા સલાહકાર(ગૃહ)ની અને સચિવશ્રી(નાણા વિભાગ)ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચિરાગકુમાર પટેલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક (ઇન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી (ક.ગ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ઝ-૧ શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા/બ શાખા/ આઈ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સીલેક્ટ ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારી

Signature Not Verified

Signed by:CHIRAGKUMAR PATEL
Under Secretary
Date:2026.09.09
17:59:40 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign